

આજે આનંદ આનંદ છે!
કિશોર રાવળ

# ગુજરાતી લિટરરી અકાદમી

ઓફ નોર્થ અમેરિકાનું મુખપત્ર

**જાન્યુઆરી ૨૦૦૪ અંક ૩**


| સુચિ | | |
|---|---|---|
| આજે આનંદ આનંદ છે! | કિશોર રાવળ | |
| ’દેશવિદેશ’ કૅલિગ્રાફી | આદિલ મન્સૂરી | ૧ |
| વિસ્મય | કૃષ્ણાદિત્ય | ૨ |
| કેમ કહું | કૃષ્ણાદિત્ય | ૨ |
| ઉલ્ફતના રસ્તા નિરાળા! | કિશોર રાવળ | ૨ |
| | રેખા સરવૈયા | ૪ |
| પંદર વર્ષની છોકરી | ગિરીશ ભટ્ટ | ૪ |
| પડ જોડાતું જાય | ઊજમશી પરમાર | ૭ |
| કવિતા | શારદા તરસારીઆ | ૭ |
| માશીનું ઘર કેટલે | કાન્તિ મેપાણી | ૮ |
| એ ઝરણું | મકરન્દ દવે | ૯ |
| ગઝલ | કિશોર મોદી | ૯ |
| નાની બાળાનો સાથિયો | મનુ નાયક | ૧૦ |

| | | |
|---|---|---|
| વર્ષોપછી વતનમાં જતાં | ભરત ત્રિવેદી | ૧૦ |
| મનોજ ખંડેરિયા | | ૧૦ |
| પ્રેમ | ઈન્દ્ર ગુહ્યા | ૧૨ |
| મંજૂર નથી | પન્ના નાયક | ૧૨ |
| ખાંડણિયામાં માથું | હિમાંશી શેલત | ૧૩ |
| સંપાદકો તરફથી | | ૧૫ |


## વિસ્મય

**કૃષ્ણાદિત્ય** બોસ્ટન, મેસેચ્યૂસેટ્સ

ક્વચિત્ પંકે પડ્યા'તા પાય, કાય પણ મલિન મ્લાન,
તો ય તારકનું તેજ કોણે આંજયું?
એકલી અટૂલી સાવ નિબિડ અંધકારે નાવ,
ધ્રુવનું સંધાન કોણે સાંધ્યું?
હું તો અણજાણ આ દેશે અકિંચન
જીર્ણ વસ્ત્રોની ઝોળીમાં અમૃતશું ભાથું કોણે બાંધ્યું?
(કાવ્યસંગ્રહ 'યાત્રાપર્વ'માંથી)

## કેમ કહું

**કૃષ્ણાદિત્ય** બોસ્ટન, મેસેચ્યૂસેટ્સ

અરૂપને અર્પણ કરું શું અર્ચના,
અવ્યક્તની વ્યંજના શું વર્ણવું.
અમેયને,
મુજ વૃત્તિ-વહેંતથી માપવા મથું.
જયમત્યમ ગૂંથું અકથ્યને હું શબ્દસૂત્રમાં.
(કાવ્યસંગ્રહ 'યાત્રાપર્વ'માંથી)

## ઉલ્ફતના રસ્તા નિરાળા!

**કિશોર રાવળ** ફિલાડેલ્ફીઆ, પેન્સિલ્વેનિયા

બાર તેર વર્ષે અમેરિકા આવેલ અને આજે ભણીને કામે લાગેલા રાજુએ ઉલ્ફતના રસ્તાઓમાં ઠેબાં, અડબડિયાં અને પોટહોલ્સનો અનુભવ કર્યા પછી માબાપની અસીમ ભલામણોને વશ થઈ સનમની શોધ માટે દેશ જવાનું નક્કી કર્યું.

"ત્યાં કંઈ કંઈ અફલાતૂન, રુમઝુમતી છોડીઉં છે. એક જુઓ અને બીજીને ભૂલો...અને ઘર રાખે, માબાપને રાખે એવી ભાવનાવાળી,..."

જેમ તેમ બે અઠવાડિયાની રજાનો બંદોબસ્ત કર્યો અને મુંબઈમાં વસતા કાકા અને ભાવનગરમાં વસતા મામાને લખી નાખવામાં આવ્યું કે કન્યા શોધવાની છે. કાકાએ થોડી છોકરીઓ જોઈ રાખેલી અને મામાએ જરા સિલેક્શન વધે માટે ભાવનગર સમાચારમાં જાહેરાત આપી કે

"જોઈએ છેઃ એક સુશીલ, શોભે તેવી, અંગ્રેજીમાં બોલવાનો મહાવરો હોય તેવી કન્યા. અમેરિકાથી થોડા સમય માટે આવેલ, ગુજરાતી બોલતા અને વાંચતા, એક ૨૩ વર્ષની વયના ભણેલા, સારા પગારે કામે લાગી ગયેલા યુવક માટે. ફોટા સાથે પરિચય આપતો કાગળ લખો નીચેને
સરનામે."

અને પછી મામાનું સરનામું...

મુંબઈની છોકરીઓ જરા દુનિયાદારીથી વાકેફ એટલે છમાંથી ત્રણે કહી દીધું કે રસ નથી. ત્યાં જઈને રસોડામાં કુક જ કરવાનું હોય અને ઘરના ટોઈલેટ મેતે જ સાફ કરવાનાં હોય તો જીવનનું પ્રયોજન શું? બીજી ત્રણ મળવા તો આવી. એ ત્રણેને રાજુ સારી રેસ્ટોરંટમાં જમવા લઈ ગયો (અલગ અલગ દિવસે, એકી સાથે નહિ!). એકે ઘડ લઈને પૂછ્યું "તારે અમેરિકામાં લવ અફેર થયો છે ખરો?" રાજુએ નિખાલસતાથી સાચી વાત કહી, "હા, પણ હવે અફેર ફિનિશ્ડ થઈ ગયો છે." ત્યારે પેલીએ "તારા અફેરનો તો અંત આવ્યો છે, મારો હજી ચાલુ છે..." કહી રાજુને તિલાંજલિ આપી. બીજી બેની પરિસ્થિતિ કરુણાજનક લાગી. અમેરિકા જવા મળે તો ગમે તે કરવા તૈયાર હતી. ચહેરા ઉપર લાચારી લથબથ! અંતે રાજુ મુંબઈમાંથી ગાપચી મારી ભાવનગર ઉપડી ગયો. મામાને ઘરે ચાર પાંચ કાગળોની થપ્પી આવી પડી હતી.

ત્રણેકના રેઝ્યૂમે તો છોકરીઓના વડીલોએ લખેલા લાગ્યા. વાંચો તો લાગે કે આ કલા, નાચ, ગાન, બુદ્ધિચાતુર્યમાં ઐશ્વર્યા રાયની જોડકી બહેન હોય તેવી, અને ધરમપ્રેમમાં મીરાબાઈની સહોદરી હોય તેવી દિસે! એકે કુટુંબની સુશીલતા દેખાડવા 'જય શ્રી કૃષ્ણ'થી શરૂ કર્યું. અને છેલ્લી ચાર લીટીઓ રાધેકૃષ્ણ રાધેકૃષ્ણના જાપથી ભરી દીધી હતી, રાધાકૃષ્ણ જેવી જોડી જામે તેવી ભાવના કહ્યા વગર વ્યક્ત કરી.

ચોથો કાગળ ખોલ્યો.

મને બહુ જ કુતૂહલ છે કે દસ પંદર દિવસમાં દસબાર પાત્રો જોઈને જીવનસાથી નક્કી કરનાર માણસો કેવા હશે એટલે હું આ કાગળ લખું છું.

મારું નામ માલતી છે.

ઉમર આપણી બન્નેની સરખી એટલે તું કહું તો વાંધો ન હોવો જોઈએ. **I can get by in English all right**! હું સુશીલ છું કે શોભે તેવી છું તે તારે જ નક્કી કરવું પડશે અને એ નક્કી કર્યા પછી પણ હું પરણવા તૈયાર હોઉં તો જ વાત આગળ ચાલે. ફોટાબોટામાં હું માનતી નથી કેમ કે વ્યક્તિની પૂરી ઝાંખી આપી શકે એવો કોઈનો ય ફોટો મેં ક્યાંય જોયો નથી.

હું ભણી છું - ડ્રોઈંગનો ડિપ્લોમા કર્યો છે, અહીં મેં એક ચિત્રશાળા કાઢી છે

અને ખૂબ જ મજા આવે છે. વાંચવાનો શોખ ઘણો. ધરમશીભાઈની સ્કૂલમાં નૃત્ય શીખવા જાઉં છું - અમેરિકામાં જેમ લોકો '**workout**' કરવા જાય તેમ. આમાં જરા ગરિમા, **grace** વધુ લાગે અને પરસેવો પાડતાં પણ આનંદની સરવાણીઓ અનુભવાય તે જૂદી જ. સંગીતનો શોખ, ગાવા કરતાં સાંભળવાનો વધુ. **But I do sing and I like it too**.

મને મારું આ ભાવનગર બહુ જ ગમે છે. બીજું કંઈ નહિ તો ગામ દેખાડવાનું પણ ઘણું જ મન છે. મારી પાસે સ્કૂટર છે એટલે રખડવા નીકળી પડવું સહેલું છે.

કશા કોઈ વચનો નથી, કોઈ શરત નથી, નરી એક ઉત્સુકતા અને અમેરિકનો કહે છે તેમ **'Let's have a good time'**. ન જામે તો હસીને છૂટ્ટા પડવાનું...

મન થાય છે? અનુકૂળ હોય ત્યારે ફોન કરજે .મારો દિવસ ધારું તેમ વેતરી શકું છું, હું જ આવીને લઈ જઈશ.

માલતી.

આને તો મળવું જ જોઈએ ને? તેણે સવારના આઠ વાગ્યામાં ફોન લગાડ્યો.

"બોલો, હું માલતી."

"હું રાજુ. મને કાગળ મળ્યો અને તરત જ ફોન કર્યો."

"સરસ. કંઈ પૂછવું છે કે મળવું છે?"

"પૂછવું તો ઘણું છે પણ મળીએ ત્યારે. ત્યાં સુધી વાટ જોઈશ. ક્યારે મળશું?"

"હું તો એક અરધા કલાકમાં આવીને લઈ જઉં. સરનામું તો છે અને મને ખબર છે એ જગા. હું આવીને બહારથી જ સ્કૂટરનું હોર્ન મારીશ. તૈયાર રહેજે. તરત નીકળી જશું. એટલે ઘરમાં કોઈને ચા-નાસ્તાની કોઈ ઝંઝટ ન કરવા દેતો. અને મામા મામીને કહી દેજે કે બપોરે કે સાંજે જમવાની વાટ ન જૂએ."

"તૈયાર જ છું. બસ, મળીએ."

"હે, જસ્ટ વેઈટ અ મિનિટ, મારે કંઈ પૂછવું હોય તો?"

"મળીએ ત્યારે નહીં પૂછાય?"

"ના રે ના. મળ્યા પહેલાં જ પૂછાય તેવો એક પ્રશ્ન છે."

રાજુને અચંબો થયો. "બોલ, શું પૂછવું છે?"

"તું હેન્ડસમ છો કે નહિ?"

રાજુ એક પળ અચકાણો અને ખડખડાટ હસી પડ્યો. "કોઈ એવો મળ્યો છે ખરો જે પોતાને હેન્ડસમ ન માનતો હોય?"

માલતી રણકી ઉઠી, હસતાં હસતાં બોલી, "You are all right! I think I am going to like you. Vibes સારા લાગે છે. મેળ મળે તેવું લાગે છે. ચાલો મળીએ."

રાજુએ રોકી. "હવે મારો વારો. તું દેખાવડી છો કે નહિ?"

"હું મારો અભિપ્રાય તો નહિ આપું પણ કોલેજના છોકરાઓ મને 'નખરેવાલી' કહેતા હતા એ મને ખબર છે..." તેણે "મળીએ ત્યારે" કહી ફોન મૂકી દીધો.

પંદરેક મિનિટ થઈ અને બહાર સ્કૂટરનો અવાજ સંભળાયો અને એક બીપ બીપ થયું. રાજુ મામાને આવજો કહી બહાર નીકળ્યો. મીઠું મીઠું મરકતી, સફેદ પંજાબી અને લાલ દુપટ્ટાના પરિધાનમાં સ્કૂટર પર બેઠેલી માલતીને જોઈ. જમણી બાજુએ સેંથી પાડેલી, કાંડે ઘડિયાળ અને પ્લાસ્ટિકની બંગડીઓ, ખભે એક પર્સ, આંખને ગમે તેવી આ મુગ્ધાને રાજુ જોઇ રહ્યો. "હું સાચી નીકળી. રૂપાળો તો છો જ. ચાલ, પાછળ બેસી જા, બરોબર પકડીને. ટેવ ન હોય તો હું સમજાવું. મારી પાછળ પલાંગીને બેસી જા, મારા ખભા પકડી રાખ એટલે ઊપડ્યા."

"ક્યાં જઈએ છીએ?"

"કેમ? મામાને કહેવું પડશે કે આ છોકરી ક્યાં ક્યાં ફેરવવાની છે?"

"ના રે ના. જસ્ટ ક્યૂરીઅસ...."

માલતીએ સ્કૂટર ઊપાડ્યું. હવા ખુશનુમા હતી. સ્કૂટરની ભભડાટીમાં વાતો કરવાનું અશક્ય હતું, પણ બે મિનિટમાં તો સ્કૂટર એક ડુંગરની તળેટીએ ઊભું રાખ્યું. "આ અમારા તખ્તેશ્વર મહાદેવનું મંદિર. કોઈની ઝંઝટ વિના મળવા માટે આથી સારી કોઈ જગા મળવી મુશ્કેલ. હવા, ઉજાસ, આખું ભાવનગર દેખાય અને ભાવનગર નવરું હોય તો આપણને જૂએ. બેસીને શાંતિથી વાતો કરવા માટે અદ્વિતીય -- અદ્વિતીય એટલે ખબર છે?" જરા હસીને સમજાવ્યું, "મેચલેસ!" સ્કૂટર લોક કરી, બન્ને ઢાળ ચડવા લાગ્યા. આરસના પગથિયે પહોંચ્યા અને માલતી એક શીંગવાળા પાસે ઊભી રહી. "આ રમણિકની ચિનાઈ શીંગ તો ખાવી જ જોઈએ." કહી બે કાગળની ભુંગળીઓ બંધાવી. દાણા મોમાં નાખતાં પગથિયાં ચડવાં લાગ્યાં.

પગથિયાં ચડી ઉપરના આરસના લંબગોળ ચોગાનમાં ઊભા રહી માલતીએ ભાવનગરનું વિહંગાવલોકન કરાવ્યું. "આ બાજુ બોરતળાવ, અહીં શામળદાસ કોલેજ, આ બાજુ ગામ, પેલી બાજુ એરોડ્રોમ અને નવું બંદર..."

પછી મંદિરની બાજુએ શિયાળુ તડકો ખાતાં બન્ને પાળી પર બેઠા. રાજુએ પોતા વિષે વાત કરી, તેના જોબની, કુટુંબની, તેના ન્યૂ જર્સીના ગામની. તેને થયું કે તેના અફેરની વાત પણ કરી દઉં. માલતીને અણસાર આવી ગયો અને એણે રાજુને અટકાવ્યો. "અમેરિકાના જ એક લેખકની એક વાર્તા યાદ આવી. એમાં થાય છે એવું કે એક માણસ સફરજન લેવા એક વાડીએ ગયો. મોટો ઢગલો સફરજનનો પડ્યો હતો અને એક બીજા માણસને એક સફરજન લઈ ખાવા જતા જોયો અને વેન લીધું કે બસ મારે ખાવું હતું એ સફરજન પેલો લઈ ગયો... જિંદગી ચૂંથાઈ ગઈ... આપણે ભૂતકાળમાં ડુબ્યા જ રહીએ તો આરો નથી. સફરજનો અનેક છે. To hell with history, અમેરિકામાં કહેવાય છે તેમ."

માલતીએ પોતાની વાત કહી. બે વર્ષ પહેલાં તેના પિતા ગુજરી ગયેલા, બા અને એક નાની બહેન સાથે રહે. બા નિશાળમાં ભણાવે અને આજના પગારો સારા એટલે કુટુંબનિર્વાહનો કોઈ પ્રશ્ન નહિ. ગુજરાતમાં સ્ત્રીઓને ગમે તે દરજ્જાનું શિક્ષણ તદ્દન મફત એટલે કોઈના ભણતરનો બોજ નહિ. તેમનું પોતાનું ઘર હતું તેમાંથી એક રૂમ ફાજલ કરી ચિત્રશાળા ચલાવતી. "ચાલ ઘરે જઈએ. જમવામાં શાખરી-ભાક છે અને સાથે છાશકોક વાટ. ચાલશે?" માલતી મરકતી મરકતી રાજુ સામે જોઈ રહી કે આ અમેરિકન તેની આ રમુજ સમજી શકશે ખરો!

રાજુએ જવાબ દીધો, "વિથ મીરું જીહું?"

માલતી પળ થંભી અને ખડખડાટ હસી પડી. "Sure, ... તું પાસ થઈ ગયો! અત્યારે ઘરે કોઈ નહીં હોય. બા સાંજે આવશે, ત્યારે મનભાવતું બનાવશું ... અત્યારે જમીને થોડા બેસીને વાતો કરશું અને પછી બહાર ઉપડશું"

સ્કૂટર પાછું ઘર ભણી ઊપાડ્યું. સુશોભિત ઘર હતું. સાદાઈ અને સાથે એક સુરેખતા નજરે ઊડીને વળગી. હાથ મોં ધોઈ જમવા બેઠા.

માલતીએ વાત શરૂ કરી. "I like you. પણ એક ખુલાસો કરી દઉં? હું અહીં ખૂબ જ happy છું. દોસ્તો છે, સહેલીઓ છે. અહીં સંગીતપ્રેમીઓનું ગ્રૂપ છે, થોડા કલાકારો છે એ બધાને હું ઓળખું છું, ઉપરછલ્લી ઓળખ નહીં, અપોઇન્ટમેન્ટ વગર ઘરે જઈને તડાકા મારીએ તેવી. શિક્ષકો, પ્રોફેસરો બધાં હાથવગાં. બાજુમાં રહેતા બે ડોક્ટર સાથે અમારે સારો સંબંધ છે.

"મને થયું કે મારું ગામ દેખાડું, મારા દોસ્તોની ઓળખ કરાવું... અને, સાચું કહું..." ખડખડાટ હસી પડી, "I will put my cards on the table." થોડી વાર અટકી ગઈ, છાશનો એક ઘૂંટડો લીધો અને પછી વાત આગળ ચલાવી. "મનમાં ચક્કરો ચાલે છે કે તને અહીં રહેવાનું મન જગાવી દઉં... મને અમેરિકા આવવાનો લેશ વિચાર નથી. જુદી ભાષા, જુદા લોકો, જુદી રસમ એમાં ક્યાં પડવું! તમે અમેરિકામાં કહો છો તેમ જો in a scale of one to ten, હું અત્યારે આઠે નવે હોઉં તો શાને ઝાંઝવા પાછળ ઝંઝટ કરવી? ઝાંઝવું એટલે ખબર છે? મૃગજળ, mirage! એટલે હું તો તને અહીં જ રાખી લેવાની પેરવી કરવાની છું. પછી કહેતો નહીં કે જરા પણ warning નહોતી આપી અને આ છોકરી બનાવી ગઈ..."

---

બે દિવસને બદલે રાજુ અઠવાડિયું રહી પડ્યો અને પછી ફોન કર્યો. "Dad, I found a wonderful girl here... you all would just love her..." ફોનના એક્સ્ટેન્શન પર મમ્મીને દીકરાના અવાજમાં અનેરો રણકાર સંભળાયો અને એણે એક પળ હાશકારો અનુભવ્યો. "But Mom, I also like this town very much and I am going to marry this girl and stay here..."

ફોન પત્યા પછી ઘા ખાઈ ગયેલી મમ્મીએ કહ્યું, "કાલે જ પહેલા પ્લેઈનમાં હું ઉપડી જઉં. આ લગન કેમ થવા દેવાય? ત્યાંના માણસો જબરાં છે. કંઈક ભૂરકી નાખે કે કાંઈક
પીવડાવી દે અને માદળિયાં મંત્રી ને એવાં પાશમાં લે કે બીજું બધું ભાન ભુલાવી નાખે... હું પે'લેથી કે'તી'તી કે ત્યાંની છોકરીયું બડી ખેપાન હોય છે... ધારીએ એટલી ભોળી નથી હોતી."

ઉલ્ફતના રસ્તા ખડકાળા ને ખડકાળા જ રહેવાના!

## રેખા સરવૈયા

જમીન પર દીવાલ
દીવાલમાં બારી
બારી પર પડદો
અને
આકાશને ઝંખનારા આપણે.

## પંદર વર્ષની છોકરી

### ગિરીશ ભટ્ટ સુરેન્દ્રનગર

આગળના ભાગમાં બાંધેલી પરસાળ હતી - માંડ બે પથારી થાય તેવડી. એમાં વિપુલની સાઇકલ, બે ખુરશીઓ પણ ખરી, બાપાવારીનું લોલકવાળું ભીંતઘડિયાળ -જે બંધ જ હતું - સરસ ગોઠવાઈ ગયાં હતાં. કશી અગવડ લાગતી નહોતી.

વિપુલ મજાકમાં કહેતો : 'બે વખત તો સાચો સમય બતાવે છે ને? છો રહ્યું ભીંતે. એની પણ વસ્તી લાગે છે.'

ભીંત પરનું આખી રાત ફફડતું કેલેન્ડર તો સાચો દિવસ બતાવતું હતું ને? રાતે અચાનક જગાડી દેતું પણ હતું પન્નાને.

આ બંધ પરસાળ પન્નાનો શયનકક્ષ હતો. અને વાચનકક્ષ પણ ખરો જ. મા તો ભારે ઊંઘણશી. પડે તેવી જ જંપી જાય. થાકને કારણે હશે. કદાચ ઉંમરનું કારણ પણ હોય. તરત નસકોરાં બોલવા લાગે.

કુસુમ પતિને વ્યંગમાં કહેતી : 'બાનાં નસકોરાં તો ભારે જોરદાર - અસલ બા જેવાં જ ...!'

અને પછી હસી પડતી. તેને અકારણ હસવાની આદત હતી - એ પન્ના જાણતી હતી. રાતે ... અધરાતે તે આવું જ હસી પડતી, એ શું અકારણ હશે? પન્નાને પ્રશ્ન થતો હતો.

પછી તે અવશ્ય ઉમેરતી, વિપુલ સામે જોઈનેસ્તો : 'બાનાં નસકોરાં છેક અંદર પણ પ્રભાવ દેખાડે!'

પન્નાએ કુસુમને આમ મજાક કરતી ઘણી વાર સાંભળી હતી. તેને જવાબ વાળવાનું મન થઈ આવતું કે તેમના અવાજો પણ છેક પરસાળમાં પન્નાના કાન સુધી પહોંચતા હતા. પણ તે એમ કહી શકતી નહોતી.

એમ તો કુસુમ ખાસ્સી ચીવટ રાખતી હતી. રાતે તેના ખંડમાં પેસે કે તરત જ બારી વસાઈ જાય, પરદા પણ કાળજીપૂર્વક ... અને છેલ્લે મુખ્ય બારણું બંધ થઈ જાય. સ્ટોપર વસાયાનો 'ખટાક' પાસે જ સૂતેલી પન્નાના કાન અને મન પર અથડાય.

પછી ઝાંઝર અને કંગનોના ખનકારા, ભાભીના દબાતા અવાજો... ખીખીખી... ભાઈના પ્રત્યુત્તરો... બધું જ લપાતું લપાતું પન્ના સુધી પહોંચી જાય. બન્ને વચ્ચે આમ તો એક બારણું જ હતું ને? વળી પાછી રાતની નીરવતા.

પ્રારંભમાં કુતૂહલ જન્મ્યું હતું. પંદરમે વર્ષે તો કુતૂહલ જ હોય ને! શી વાતો કરતાં હશે ભાભી અને ભાઈ? આમ હસતાં હસતાં? અને વાતો પણ કેવી? ક્યારેક તો પન્ના થીજી જ જાય. કાન સરવા કરીને... ત્યારે તો તેને પણ થાય કે મા જાગે નહિ તો સારું. મા ક્યારેક જાગી જતી. બબડતી પણ ખરી.

'હજુ જાગે છે, પન્નુ? ઊંઘ ન આવે તો રામ-રામ કર...'

ના, પણ આવું ક્યારેક જ બનતું. પેલા અવાજો પાછા, અલ્પ સમય માટે બંધ થઈ જતા. બધો ખેલ બગડી જતો.

પન્નાને આવું સાંભળવાનો ચસ્કો લાગી ગયો હતો. રોમાંચ થતો હતો.

કુસુમ પણ બારણું ખોલીને, તેની સાથે ઘસાઈને બાથરૂમ સૂધી જતી - એ પણ

તેના ખ્યાલમાં હતું. બારણાનો ખખડાટ થતો કે તરત જ ડાહીડમરી થઈ, આંખો મીંચીને...
કોઈ જુએ તો એમ જ લાગે કે આ તો ભરનીંદરમાં છે!

કુસુમ પરણીને આ ઘરમાં આવી ત્યારે પન્ના પંદરમા વર્ષમાં મહાલતી હતી. પથારી ઓરડામાંથી સાંકડી પરસાળમાં આવી તોપણ તેને ગમ્યું હતું. નવી ભાભી ઘરે આવી હતી ને?
લગ્ન થાય એટલે આમ થાય - એ તેની સમજમાં આવી ગયું હતું. બા પણ છડેચોક કહેતી હતી : 'આપણે ક્યાં કશી અગવડ છે - આ પરસાળ છે ને? મા-દીકરી પડ્યા રેશું. ઘર ભલે સાંકડું છે પણ મન થોડાં સાંકડાં છે?'

પન્નાને યાદ હતું.

પ્રારંભના દિવસોમાં ભાભી સરસ મજાની તૈયાર થતી, કામથી પરવારીને રાતે પણ સ્નાન કરતી... એ પન્ના જોતી હતી, કંઈક આશ્ચર્યથી. આ ઉંમર નર્યા કુતૂહલોની હતી. કાંઈક સમજાતું પણ ખરું, થોડી અટવાતી પણ ખરી. ક્યારેક સિફતપૂર્વક પ્રેમાને પૂછી લેતી હતી.

ભાભી આમ રાતે તૈયાર શા માટે થતી હશે? તેને ગમતું હશે? ગમતું જ હશે વળી. અને ભાઈને પણ ગમતું હશે... લગ્ન પછી આમ જ કરાતું હશે...

તે અનુમાનો બાંધતી હતી, તોડતી હતી, નવાં બાંધતી હતી - પણ મજા આવતી હતી એ વાત ચોક્કસ.

કુસુમ પાસેથી પસાર થતી તો સેન્ટની સુગંધ પથરાવા લાગતી. અંદરનો ખંડ... પલંગ... ઓછાડ... ઓશીકાં તો મઘમઘતાં હશે...!

પન્નાનું મન કામે લાગી જતું. અંદરનો ઓરડો અને ભાઈ-ભાભી ચિત્તના એક ખુણે લપાઈ જતાં; એવાં લપાઈ જતાં કે નીકળવાનું નામ જ નહોતાં લેતાં. અને પછી મન તો ક્યાનું ક્યાંય પહોંચી જાય. અરે, તે ખુદ ઓરડાની ભીતર પેસી જાય!

વય વધતી ગઈ... પણ પ્રવૃત્તિ તો સતત વણરોક ચાલુ જ રહી. નવી સમજો ભળી. નવા આનંદો ઉમેરાયા.

ભાભી રમતિયાળ હતાં. અને ભાઈ પણ જરા ય ઓછા નહોતા. એકંદરે બન્ને ખુશ જણાતાં હતાં.

દિવસે કેવાં ડાહ્યાં-ડમરાં બની જતા હતાં એ બન્ને? વાતો પણ માંડ કરે. જાણે રાત ગઈ, વાત ગઈ!

ભાભી સવારે જાગતી ત્યારે ય તાજી લાગતી. પન્ના દિવસે પણ તે બન્નેની ચોકી કરતી. ક્યારેક આંખોમાં, શબ્દોમાં રાતની છાયા અનુભવાતી.

પન્ના સમજી શકતી હતી, વાંચી શકતી હતી. પછી તો પન્નાને ભાગે રાતે વાંચવાનું પણ આવ્યું. ભણતર વધે તેમ તૈયારી પણ કરવી પડે ને? ખાસ કરીને પરીક્ષાના સમયે તો ટેબલ-લેમ્પમાં થોથાં ઊઘાડીને એમાં મન ખૂંપાવવું પડે ને?

પન્ના માટે 'બાવાનાં બેય બગડ્યાં' જેવું થતું; ન પૂરી વાતો માણી શકતી... કે ન વાંચી શકતી!

અને તે બન્નેમાંથી કશું છોડી શકતી પણ નહોતી એ તેની લાચારી હતી. થાકતી, કંટાળતી ને આંખો મીંચાઈ જતી. ટેબલ-લેમ્પ ઓફ કરવાનું પણ ભુલાઈ જતું.

અને સ્વપ્નાં પણ એવાં જ આવતાં. દિવસે પરિતાપમાં પડી જતી; થતું કે રાત ન આવે તો જ સારું. કુસુમનાં નખરાં જોતી કે તરત જ પેલાં સ્મરણો શરુ થઈ જતાં.

'પન્ના જાગતી હશે કદાચ. ધીમે બોલ...' વિપુલનો અવાજ સંભળાવો શરુ થતો. તે છળી ઊઠતી. તેમના શયનખંડમાં હું ક્યાંથી પ્રવેશી?

'છો જાગતી હોય. સાવ ભોટ જેવી છે. થોથામાં માથું ઘાલી પડી હશે...' અને તે રમતિયાળ - લુચ્ચું હસી પડી હતી.

ગઈ રાતની જ વાત હતી. તે ખૂબ વિચલિત થઈ ગઈ હતી. સાવ બેશરમ હતી એ! અને છતાં પણ આ છૂટી શકે તેમ પણ ન હતું.

હવે તે લોકો આમ કરતા હશે... હવે આમ... હમણાં પેલી હસશે... હવે લગભગ બારણું ખૂલશે અને કુસુમ... તેનાથી ઘસાઈને... બાથરૂમ ભણી જશે... એ
પહેલાં તે પન્નાને અવલોકવાનું નહિ ચૂકે - એ જાણવા કે આ જાગતી તો નથી ને?

પછી અંદર જઈને પતિ પાસે હરખ વ્યક્ત કરશે : 'એ ઘોરે... તું નકામો...!'

છતાં તેણે એક વેળાએ સાવ ભોળા બનીને પન્નાને સૂચન કર્યું હતું : 'પન્ના, આ કરતાં તો તું રસોડામાં વાંચતી હો તો! બાના નસકોરાંમાં ફાવે છે?'

'ભાભી, વાંચવામાં પડી હોઉં છું કે બાનાં નસકોરાં યાદ પણ...'

બસ, થયું. કુસુમને સંતોષ થઈ ગયો હતો કે તે સાવ સલામત હતી અને આ તો સાવ બોઘી અને ભણેશરી હતી!

પન્નાને છૂપો આનંદ થયો હતો. ભાભીને કેવી છેતરી? તેણે આ વાત તેની સખી પ્રેમા સાથે રસપૂર્વક ચર્ચી હતી.

'આ તો કાંઈ નથી, પન્નાડી... મારી માસીની દીકરી તો તિરાડમાંથી જોતી પણ ખરી. બારી-બારણાં હોય ત્યાં તિરાડ હોવાની જ.'

પન્ના વિસ્મયમાં ડૂબી ગઈ હતી. જે તે કલ્પતી હતી તે જોવાનું? ઓહ, કેટલી મજા આવે? ...પણ આવું કરાય? પાપ લાગે ને! પણ જામે...

દિવસ દરમ્યાન તેણે આવી તિરાડની તપાસ પણ કરી. ઘરમાં કોઈ હાજર નહોતું ત્યારે ત્યાં આંખ પણ માંડી જોઈ. પણ ખાસ જામ્યું નહિ.

એ રાતે તિરાડ સુધી પહોંચવા મન અનેક વાર લલચાયું. તે એકવાર તો ઊભી પણ થઈ હતી પણ હિંમત ન ચાલી.

બીજી રાતથી, કોઈએ કહ્યું નહોતું તો પણ રસોડામાં પથારી કરી હતી અને પુસ્તકમાં મન ખૂંચાડવા પ્રયાસ કર્યા હતા. મહાવરો હતો એટલે... તે પટુ બની ગઈ હતી. અસ્પષ્ટ અવાજો પરથી બધું પકડાઈ જતું હતું. હવે એ લોકો આમ...

પછી તો નવા વિચારો શરુ થયા. તે પણ એક સ્ત્રી જ હતી ને! કુસુમ પણ એક દિવસ તેના જેવી જ છોકરી હશે ને? અત્યારે તે ભરીભાદરી, પૂર્ણ... રમતિયાળ સ્ત્રી હતી.

સમય થશે ને તેનામાં એક આવી જ સ્ત્રી અવતરશે... એ પણ કુસુમની માફક લગન કરશે... એ પણ તેની માફક જ રાતે સ્નાન કરીને, સેન્ટ લગાવીને એક આવા જ

ઓરડામાં પ્રવેશશે... બારી- બારણાં કાળજીપૂર્વક બંધ કરશે... પરદાઓ લગાવશે... અને કુસુમની માફક જ... સરસ સરસ વાતો કરશે, બેશરમ બનીને ખડખડ હસી પડશે. પેલા સાથે... હા... એ પણ હોય જ ને! કોઈ પુરુષ જેવો પુરુષ...

તે નવી કલ્પનામાં લીન બની જતી. છેલ્લી પરીક્ષા આપવાની હતી. બસ, પછી તો આમાંથી પણ મુક્તિ.

અને એ સમય પણ આવી ગયો, આંખોની ઉઘાડ-મીંચમાં.

વિપુલ કહી રહ્યો હતો, ઉત્સાહથી કુસુમ સાંભળતી હતી. મા પણ હતી. 'આપણા જેવા જ છે એ લોકો. આપણી પન્નાને અલપઝલપ જોઈ પણ છે. હું તો સાઇકલનાં પેડલ માર્યા કરું છું પણ એ લોકો પાસે તો મોપેડ છે. આપણી જેમ જ ભાડાનું મકાન છે, પણ સારું છે. વળી નોકરી પણ સરકારી જેવી જ. પન્નાના ભાગ્યમાં હશે તો વાંધો નહિ આવે. અને પાછા રમુભાઈ વચમાં છે...'

માતાએ ભગવાનના કેલેન્ડર સામે જોયું હતું - ભક્તિપૂર્વક. કુસુમે પતિ પ્રતી પ્રશંસાભરી નજર ઠાલવી હતી. પન્ના બારણા પાસે બારસાખ પકડીને ઊભી હતી. શાંતિથી સાંભળી રહી હતી.

'આજે પન્ના કોલેજે ન જાય...' વિપુલે કહ્યું હતું. પછી ઉમેર્યું હતું, 'હરભાઈ ગમેત્યારે આવે... આપણે તૈયાર રહેવું. તું સંભાળી લેજે.' છેલ્લું વાક્ય પત્ની તરફ જોઈને કહ્યું.

કુસુમ કામમાં લાગી ગઈ. નાનુંશું ઘર મોટી પ્રવૃત્તિમાં પડી ગયું. પન્ના તો સમુળગી બદલાઈ ગઈ. જૂની છોકરી તો જાણે ક્યાંક ખોવાઈ ગઈ!

સાફ-સફાઈ, નવી ગોઠવણી, નવા પરદાઓ... પાડોશમાંથી નવો ટી-સેટ પણ આવી ગયો. પલંગ પર નવો ઓછાડ પથરાઈ ગયો.

કલ્પના કરવી એક વાત હતી પણ આ તો સાચમાચ બની રહ્યું હતું. પન્નાના ધબકારા વધી ગયા હતા. સાચેસાચ... એક છોકરો આવી રહ્યો હતો, તેને જોવા, મળવા, પસદ કરવા? કદાચ નાપસંદ પણ કરે.

કુસુમ સવારથી તેને તૈયાર કરી રહી હતી. કેમ ચાલવું, કેમ બેસવું, કેમ વાત કરવી, શું બોલવું, શું ન બોલવું, શા જવાબો આપવા... અસલ પરીક્ષા હોય તેવું જ થતું હતું.

બીજી તરફ નાસ્તામાં શું આપવું... એ સમયે આઇસક્રીમ ઠીક રહેશે કે ચા, એવા નિર્ણયો લેવાઈ રહ્યા હતા.

પન્ના તૈયાર થઈ રહી હતી.

મા માળા ફેરવતી હતી પણ મન તો બારણામાં જ ખૂંપેલું હતું. પન્નાને અવનવા વિચારો આવતા હતા. કેવો હશે એ? પાતળી મૂછ હશે કે ક્લીન... કેવો લાગતો હશે? શી વાતો કરશે? શું ગમે છે એવું જ પૂછશે કે પછી...! આમ તો એ લોકો તેમના જેવા જ હતા. એવું જ જીવન જીવતા. મધ્યમ વર્ગના... ભાડાનું ઘર... તેમના જેવું જ. હા, મોપેડ હતું... તે પાછળ બેસીને ફરવા નિકળી પડશે... હળવેથી ખભો પકડી લેશે...

અને મહેમાનો આવી પણ ગયા. વિપુલે હસીને સ્વાગત કર્યું. પન્નાએ આડશમાંથી એ છોકરાને જોઈ લેવાનો પ્રયત્ન કર્યો પણ આડશમાંથી કેટલું દેખાય?

ચાર મહેમાનો બેઠા ત્યાં ઓરડો ભરાઈ ગયો. ઔપચારિક વાતો થઈ.

'અમારો અશોક તો...'

'અમારી પન્ના તો...'

પન્ના સહુને પાણીના ગ્લાસ આપી આવી. તે નતદૃશ્ટિથી ઊભી હતી અને પેલી બધીય આંખો સામટી તેના પર ઝળુંબી હતી. કુસુમ પાસે જ ઊભી હતી.

પન્નાએ શરમ મૂકીને એ પુરુષને જોઈ જ લીધો. પહેલી નજરે ઠીક લાગ્યો. પછી નાસ્તાની ડિશો પણ ચપળતાથી સર્વ કરી આવી. કુસુમને સંતોષ થયો એ તેણે અનુભવ્યું ખરું.

પછી તો સૌ સરકી ગયાં... અલગ અલગ કારણોસર.

ઓરડામાં તે બન્ને, અશોક અને પન્ના જ રહ્યાં. પન્નાની સાડીમાં પણ સેન્ટ મઘમઘતું હતું. ભાભીએ છાંટ્યું હતું, અસલ રાત જેવું જ! ઓરડો પણ એ જ હતો, સાડી પણ ભાભીની હતી અને સેન્ટ પણ. મુંઝવણ બેય પક્ષે હતી. પેલાને પણ કોઈએ શીખવ્યું જ હશે કે શું પૂછવું, શો જવાબ વાળવો, શું જોવું... વિગેરે વિગેરે.

આખરે... બન્ને હસી પડ્યાં. મૌનનો ભાર ક્યાં સુધી સહેવાય?

'હું તમને ગમું છું ને?' પન્નાએ શરૂ કર્યું. તે અવઢવમાંથી બહાર આવી હતી.

'હા, ગમો છો ને... ગમો તેવા જ છો.' પેલો પણ ટહુક્યો.

'સરસ... તમે પણ મને ગમો છો.' પન્નાએ વર્તૂળ પૂરું કર્યું.

હવે શું? પેલાએ હસીને ગાલ પરનો પરસેવો રૂમાલથી લૂછ્યો. રૂમાલ નવોનકોર હતો. પન્ના હાથમાં સાડીનો પાલવ રમાડતી હતી. અચાનક પન્નાએ પૂછી નાખ્યું : 'તમાર ઘરમાં કોઈ પંદર વર્ષની છોકરી તો નથી ને?'

(ઓગસ્ટ ૨૦૦૩ના 'શબ્દસૃષ્ટિ'માંથી સાભાર)

## પડ જોડાતું જાય
### ઊજમશી પરમાર અમદાવાદ

મંજીરા બજવે રે તમરાંનાં વૃંદ,
સાથ બાજે કરતાલ પાનપાનમાં,
ખંજરીઓ બજવંતાં ઝરણાં દે તાલ,
પણે પર્વત ખોવાઈ જાય ધ્યાનમાં.

કળીઓના કંઠહાર પ્હેર્યા તો
ફૂલોની સેર્યો લટકાવી કૈં કાનમાં,
વેલી સૌ ઝાડ ચડી થૈ ગૈ તેયાર,
જાણે જાવાનું હોય જાડી જાનમાં,
ઝૂલવામાં ઝાડ સૌ ભૂલી ગયાં કે
હવે રહેવાનું હોય જરા માનમાં.

પૂનમ ગૈ પાથરી પારો તળાવમાં,
આંખો ગૈ અંજઈ અંજવાસમાં,
રૂપે રસાઈ ગઈ લ્હેરોની ધારધાર,
ચાંદનીના શીળા સહવાસમાં,
પ્હોળા પને રે પડ આખુંયે જાણે કે
જોડાતું જાય ગાનતાનમાં.
('શબ્દસૃષ્ટિ'માંથી સાભાર)

## કવિતા
**શારદા તરસારીઆ** મેટચન, ન્યૂ જર્સી

કહેવામાં આવ્યું - કવિતા લખો
લીધાં પુસ્તકો ને છાપાંઓ
કાળાં કાળાં અક્ષરોમાં
ખૂંપી ગઈ આંખો,
ખૂંપ્યા શબ્દો આરપાર, દિલના કળણમાં
તો યે કવિતાએ ના ધર્યો અવતાર.
ફેરવી નજર આસપાસ
નિરખ્યાં પુષ્પો ને પાન
દેખી લીલા કુદરતની અપરંપાર
તો યે કવિતાએ ના ધર્યો અવતાર
થાકી, તૂટી, બની હતાશ
અંતે કરી બંધ આંખ
ઝઝૂમી ઊઠી, હચમચી ઊઠી
નંદવાયેલા, વલોવાયેલા હૈયે
ને
દેડકો બની
કૂદકો મારી
આવી કવિતા મારી બહાર
આનંદ છે
અભિમાન છે
સંભળાવીશ કવિતા મારી
સંભળાવીશ શબ્દો થોડાં
રૂપાળાં, મઠારેલા, સુરીલાં
ને
કરી લઈશ થોડી છેડછાડ
લાગણી, સંવેદના, વેદનાની
થોડી વ્યક્તિઓની -
તાળીના ગડગડાટ
ને પ્રશંસાનાં પુષ્પોમાં
ઊંડે ઊંડે દાટી દઈશ
હું વ્યથા મારી.
એ વ્યથા જે
શબ્દોના સુંદર વાઘા પહેરી
છમછમ આવી હતી બહાર
કવિતા બની -
મારી વ્યથાની વાહવાહનો
થશે ગર્વ મને
ગમશે
મને
આ ફેરફુદરડી...
વ્યથા ને કવિતાની
કવિતા ને વ્યથાની
ચક્કર....ચક્કર...
ગોળ...ગોળ...
ચક્કર....ચક્કર...
વ્યથા...કવિતાની
કવિતા... વ્યથાની
ને
બનીશ હું કેન્દ્ર
આ ચક્રવાતનું
શાંત... પ્ર...શાં...ત....

> સંપત્તિ હોય ત્યારે સ્વતંત્ર થવું એ તો સહેલું છે. પણ તદ્દન મુફલિસીમાં સ્વતંત્ર રહેવું એ ઈશ્વરની મોટી કૃપા છે!
>
> મહાલીઆ જેક્સન

## માશીનું ઘર કેટલે
**કાન્તિ મેપાણી** સાયોસેટ, ન્યૂ યોર્ક

માસા આંખે અખમ એટલે માશીથી એમને મૂકી ક્યાંય બહારગામ જવાય નહીં. અને માશીના છોકરાં બધાં ય એટલાં નાનાં કે એમને માસાની સંભાળ રાખવાનું સોંપાય નહીં.

અને આમે ય માશી રહ્યાં માથી મોટાં એટલે અમસ્તાં ય એ નાની બહેનને ત્યાં આવીને રહે નહીં. તેથી જયારે માશીને મળવાનું મન થાય ત્યારે અમારે જ એમને ગામ જવું પડે.

વળી અમારા ઘરમાં મારા દાદાનાં આંખ અને કાન બેઉ જતાં રહેલાં અને ઉપરથી એમનું ઘડપણ. એના લીધે એ તો સાવ પથારીવશ એમ કહીએ તો ય ચાલે. ફોઈ થોડો વખત આવીને દાદાને સંભાળે તો જ મા બહારગામ જઈ શકે, માશીને મળવા જઈ શકે - આવી બધી સંસારની જળોજથા!

પણ મને તો જયારે માશીને ત્યાં જવાનું મળે ત્યારે મજો જ પડી જાય. માશીને ઘેર જવા માટે માને હું અવારનવાર યાદ કરાવ્યા કરું. અને એ વાત માના ધ્યાનમાં તો હોય જ. એ કોઈનો સારો સથવારો શોધતી હોય, અને જેવો સથવારો મળે એવી એ એક થેલીમાં બે જોડી ચડ્ડી અને ખમીસ નાખી મને માશીને ત્યાં મોકલી આપે.

ત્યાં બાપા નહીં એટલે, કોઈથી બીવાપણું જ નહીં. એટલે મને માશીને ત્યાં તો બસ જલસા જ જલસા.

માશીને ચાર દીકરા અને એક દીકરી. એમનો એક દીકરો અને દીકરી મારાથી મોટાં, એક દીકરો મારી હેડીનો અને બે દીકરા મારાથી નાના. અમે છએ જણાં ભેગાં મળીને ધમાલ કરી મૂકીએ. માશીની દીકરી સાથે રમવા કરતાં કામમાં વધારે વ્યસ્ત. એ નાની હતી ત્યારથી જ માશીએ એને ઘરકામમાં પળોટવા માંડી હતી.

સવારના તડકામાં ગારથી લીંપેલું આખું ય આંગણું સોનાવરણું થઈ જાય. ગારના લીંપણમાં પડેલી લીંપનારના પંજા અને આંગળીઓની અર્ધગોળાકાર ઓકળીઓની ભાતમાં સૂરજનું એકેક

કિરણ નાચી રહે ત્યારે ઓકળી જાણે હસી પડે. ઓકળીમાં પડતા સૂરજના કિરણને વીણીને ગજવામાં ભરવાનું મન થાય.

તાંબાપિત્તળની નાનીમોટી લોટીઓ લઈ ઓટલે દાતણ કરવા બેસીએ. દાતણ ચાવ્યું ના ચાવ્યું કરીને દૂર ફેંકીએ અને ઝટપટ કોગળા કરીને રસોડા ભણી દોટ મૂકીએ.

ત્યાં તો માશીએ ખાખરા,મુંગડી અને ઉપર થીજેલાં દહીંનું દડબું મૂકી થાળી તૈયાર રાખી હોય અને બાજુમાં હોય દૂધની વાટકી. એકબીજાની થાળી બદલાવવાની રમત કરતાં કરતાં ખાવાનું શરૂ કરીએ ત્યાં માશી પાનો ચડાવે, "ચાલો કોણ પહેલું ખાઈ લે છે? પહેલો તે રાજા!"

નાસ્તો પૂરો થયો કે અમે હડી કાઢીએ કૂવા ભણી, હાથમાં નાનાંમોટાં હાંડાહાંડી હોય. કૂવાના નળે જઈ વારા બાંધી હાંડાહાંડી ભરી મૂકીએ એવામાં માશી તેમની દીકરી સાથે આવીને પાણી ભરેલા ઠામ ઘરે લઈ જાય.

અમારું કામ પતતાં અમે ઉપડીએ પાદરની આંબલીએ. ઢેખાળા મારી મારીને આંબલીના ઝાડેથી કાતરા ખેરવીએ. ખીસામાં જેટલા સમાય એટલા કાતરા ભરીને જઈએ ઘરભણી. માશી પાસેથી હથેળીમાં મીઠું લઈ એમાં બોળી બોળી ખાટાખાટા કાતરા ખાઈએ. એ ખાટો સ્વાદ યાદ આવે છે અને આજે પણ રુવાંડાં ઊભાં થઈ જાય છે.

પછી શરૂ થાય ગિલ્લીદંડાની રમત. દાવ લેવાદેવામાં બૂમાબૂમ કરી મૂકીએ. અને રમતાં રમતાં થાકીએ ત્યારે કૂવો સાંભરે. કૂવાના કોશ છૂટી ગયા હોય, કૂવે પાણી ભરનારું કોઈ હોય નહીં ત્યારે પાણી ભરેલા કૂવાના થાળામાં નહાવાની મજા પડે. ચડ્ડી અને ખમીસ ઉતારી થાળાની પાળીએ મૂકી પાળી પર ઊભા રહી થાળામાં ધુબકો મારીએ. નાક બે આંગળીએ પકડ્યું હોય તો ય થાળાનું થોડુંક પાણી તો નાકમાં જાય, જાય અને જાય જ. કૂવાનું થાળું એવું મોટું નહીં કે એમાં
તરી શકાય, પણ એના છાતી સમાણા પાણીમાં ડૂબકી મારવાની મઝા પડે.

એવામાં ન કરે નારાયણ અને જો કૂવાનો ચોકિયાત આવી જાય ત ો પછી જોઈ લ્યો મઝા. બે ચાર સરસ્વતીવચન સંભળાવી અમને બધાંને કાઢે થાળાની બહાર. અમે ઝટપટ અમારી બગલમાં કપડાં લઈને ભાગીએ. ચોકિયાત મારશે એ બીકે લૂગડાં પહેરી લેવાં ઊભા ન રહીએ. કૂવાથી દૂર તડકે શરીર કોરાં થાય એટલે ચડ્ડી-ખમીસ પહેરીને ઘર ભેગાં થઈએ.

માશી અમારી વાટ જોઈને જ બેઠાં હોય. માટીના કલાડા ઉપર બાજરીના ગોળગોળ રોટલા માશી શેકતાં હોય. રોટલો ઉતરે એને થ ાળીમાં મૂકે, હળવેથી એના પરની કોપરી ઉખાડે અને સવારની જેવું થ ીજેલા ઘીનું દડબું મૂકે કે ગરમગરમ રોટલો ભૂખ્યા માણસની જેમ બધું ઘી પી જાય. બાજુમાં નવી ભીલીનો ગોળ, ભેગી અડદની દાળની વાટકી અને રાઈમેથી ભરેલાં મરચાંનું અથાણું, તાજી છાશની લોટી. એની આગળ બત્રીશે પકવાન્ન ફિક્કાં લાગે.

જમી લઈએ એટલે માશી ટહૂકો કરે, 'અલ્યાં છોકરાંઓ, ઘડીક સૂઈ જાઓ" પણ માશીનું સાંભળે કોણ?

ખાતાં ખાતાં જ ખાઈને કઈ રમત રમવી એની મસલતો થાય. આંગણામાં ખડીના ટુકડાથી ચોકડી કરી ચોકડીભરતની રમત માંડીએ. સૂરજદેવ આથમણા આકાશમાં ઊતરવા માંડે,
બપોરના તડકા નરમ પડે એટલે ઉપડીએ પાદરમાં પાદરના લીમડા, પીપળા અને આંબલીની વચ્ચે આંબલીપીપળીની રમત શરૂ કરીએ એટલામાં ગામનાં બીજાં છોકરાંઓ ય આવી પહોંચે. હું અવારનવાર માશીને ગામ જતો એટલે બધાં ઓળખે તો ખરાં પણ તે છતાં મને મહેમાન ગણી પહેલો દાવ અપાય. રમતમાં ય મારી તરફેણ થાય.

દોડાદોડી અને બૂમાબૂમથી આખું ય પાદર ગાજી ઊઠે. પાદરમાં ઊભેલા મહાદેવના મંદિરમાં આરતીનો ઘંટ થાય ત્યાં સુધી અમારી રમત ચાલુ રહે. પછી આરતીમાં હાજરી આપી,આશકા લઈ 'કાશીવિશ્વનાથ મહાદેવ કી જય' બોલાવી, નાળિયેરની શેષ અને સાકરનો પ્રસાદ માણતા ઘેર જઈએ.

રમતાં રમતાં પાદરની ધૂળમાં બરાબર રગદોળાયેલા હોઈએ એટએ માશી પહેલાં તો હાથ, પગ, મોઢું ધોઈ આવવાનું કહે. એ ધોઈને ચોખ્ખા થઈ રસોડે પહોંચીએ ત્યાં તો માશીએ થાળીમાં ઊની ઊની ખીચડી અને વાટકીમાં ગાયનું શેડકઢું દૂધ પીરસી મૂક્યાં હોય. વાળુ કરીને પરવારીએ ત્યાં અંધારાના ઓળા ઊતરે.

માશી ટમટમિયું પ્રગટાવે. ટમટમિયાના આછા અજવાળામાં બહારથી નાની નાની ફૂદીઓ ઊડી આવે એ બધીયને પકડીને બહાર ફેંકીએ. ત્યાં માશીએ રસોડું આટોપી લીધું હોય.

સૌના માટે ખાટલાખાટલી પથરાય,માશીને વાર્તા કહેવા વિનવીએ. માશી પોતાની યાદદાસ્તના ખજાનામાંથી વાંદરાની અને મગરની અને ટાઢા ટબૂકલાની વાતો માંડે. અને અમારી આંખો ઘેરાવા માંડે.

કાલે ઊઠીને શું કરશું એ વિચારમાં ને વિચારમાં નિદ્રાની ગોદમાં સમાઈ જઈએ.

એક પૂનમનો ચંદ્ર
કે લાખ લાખ તારલા
ઝાંખા પડ્યા હો રાજ

પિનાકિન ઠાકોર

## એ ઝરણું

**મકરન્દ દવે** નંદિગ્રામ, ગુજરાત

(૧૯૮૯ના અમેરીકાના પ્રવાસ દરમ્યાન રચાયેલું)

હજી એ ઝરણું વહ્યા કરે છે,
કઇક મનમાં કહ્યા કરે છે.

હજી ય આડા પડેલ થડની
અનેક ડાળી, કરાંગુલીને
ઝબોળી જળમાં તમામ નિજની
સુકાઈ ચાલી તરુણ ત્વચાને
ફરીથી તાજપ ધર્યા કરે છે,
ઝરણથી લીલપ ઝર્યા કરે છે,
મરણમાં જીવન તર્યા કરે છે.

થયું: આ કેવળ વહેતી વસ્તી?
થયું: આ પ્રેમળ હલેતી હસ્તી?
થયું: હશે શું અહીં અમસ્તી?

અહીં વળાંકે જતા જે વાહન
વહી રહ્યાં ક્યાં? ખબર નથી કંઇ,
પરંતુ પળભર નજર ન નાખી,
ઝરણની થોડી અદબ ન રાખી.

વહી જતી એ અવર-જવરને
ઝરણ તો નિશદિન સહ્યા કરે છે,
હજી એ ઝરણું વહ્યા કરે છે.

(કાવ્યસંગ્રહ 'અમેરિકાનો ચિરંતન ચહેરો'માંથી)

## ગઝલ

**કિશોર મોદી** પાર્સીપ્પની, ન્યૂ જર્સી

ઓછું આવે મને તો ગ્રાહકમાં,
કેમકે ખુદ હું લાગું જાચકમાં.

પાત્રમાં મારું હોવું છે જાણે,
એ રીતે જોઉં છું હું નાટકમાં.

આમ ધૂણી ધખાવીને બેઠા,
કંઈ નથી પળ સિવાય આવકમાં.

મારી કવિતા જરૂર જોશે એ,
એ જ શ્રદ્ધા મને છે વાચકમાં.

એમ ને એમ માન મળવાનું,
ખુદને જો જો કિશોર ચાહકમાં.

કેટલાં બહારવટાં ખેલ્યાં તે,
આજ અંદરવટે ચઢી જો ને.
હરીશ મીનાશ્રુ

છે લાંબા પ્રવાસો ને ટૂંકી છે દૃષ્ટિ,
ને કમજોરીઓ તો, ભરી આખી સૃષ્ટિ!
અમૃતનું ટીપું મળે ના મળે, પણ
થતી રે'તી વણમાગી વિષ કેરી વૃષ્ટિ!
નિરાશાના કારણ હઝારો હું ભાળું --
છતાં માનું: માનવીનું ભાવિ રૂપાળું!

કરસનદાસ માણેક

## નાની બાળાનો સાથિયો

**મનુ નાયક** (ડ્યુમોન્ટ ન્યૂ જર્સી)

(મંદાક્રાન્તા)
પ્હેલી વેળા કુસુમ વરણી એક બાળા લહી મેં
મમ્મી સાથે હઠ પકડતી સાથિયો પૂરવાને
મમ્મી આપે વિવિધ નવલાં રંગ તે આંગળીએ
વ્હેતા મૂકી જળકમળના સાથિયાને પખારે!

નાના હાથે મુખ કમળને ટેકવી એક ચિત્તે
રંગો પૂરી કમળદળની પાંખડીને સજાવે
તેની મમ્મી મધુ મરકતી નેણમાં વ્હાલ દીપે
આવ્યા જાણે સકળ સુખ ત્યાં રંગ ભીની સવારે!

ધીમે વ્હેતા પરિમલ ભર્યા વાયુની સાથ તેના
જુલ્ફાં કેરી અલક રમતી તે હવે થાક ખાવા
આવી ઊભી મૃદુ હલકથી નેણ સામે જરા ત્યાં
જોતી રૂડા નયન મુકુરે રંગ બે સાથિયાના!

કીધી તેણે અલક અળગી રંગની આંગળીએ
ને ભાલે ત્યાં જળકમળના રંગની બ્હાર કૂદે
કૂદે જાણે સરલ સરતી વ્યોમની વાદળીના
રંગો રાતાં કમળદળની ખીલતી પાંખડીમાં!

તેના ભાલે લલિત રમણો સાથિયો જે બન્યો તે
ચૂમી લેવા મન તલસતું જાણું ના તોય તેને!

## વર્ષો પછી વતનમાં જતાં

### ભરત ત્રિવેદી સ્પ્રિન્ગફીલ્ડ, ઇલિનોય

ખડની જેમ
વધતી વસ્તીમાં
પૂર્વજોના નામે ખોરડું
આજે ય ઊભું છે
અણનમ,
જાણે કશી જીદ લઈને.
આંગણામાં
ખાટલે બેઠેલા મહેમાનને
પ્યાલામાં શેષ બચ્યા
પાણીની છાલક મારતાં
પડેલા રેલા જેવી પાતળી
શેરીમાં
ના કોઈ વાંસળીવાળો આવ્યો
કે
ના દેખાયો કોઈ મદારી.
નકામું
પજવતું રહ્યું પડોશમાં
મોટેથી
ફિલ્મી ગીતો ગાતું,
વંઠેલ,
કોઈનું કેસેટ-પ્લેયર
આખી બપોર.

સાંજને પેટાવ્યા કરતી,
પડોશીની
દેશી બીડી જેવી
વાતો
ઠરી ગઈ અંધારામાં
ને અતીત ઓઢીને
બેઠેલો ફળિયા પાસે એકલો
હું બેસી રહ્યો
ખૂબ મોડે સુધી.

## મનોજ ખંડેરિયા

### એક મહેક આપી ખરી ગયા

લાલાશ આખા ઘરની હવામાં ભરી જઈશ
ગુલમ્હોર મારી લાગણીનો પાથરી જઈશ

ઉડતાં ફૂલોની કલ્પનાને સાચી પાડવા
આપી મહક પતંગિયાં ને હું ખરી જઈશ

આખુંય વન મહેકતું રહેશે પછી સદા
વૃક્ષોનાં થડમાં નામ લીલું કોતરી જઈશ

હું તો છું પીંછું કાળના પંખીની પાંખનું
સ્પર્શું છું આજ આભને, કાલે ખરી જઈશ

મારો અભાવ મોરની માફક ટહુકશે
ઘેરાશે વાદળો અને હું સાંભરી જઈશ

બાવીસમી નવેમ્બરે ઉપરની તેમની ગઝલ પ્રમાણે જ મનોજ ખંડેરિયા જિંદગી આખી તેમની ગઝલોની મહેક આપી વિદાય થયા અને ગુજરાત માટે એક અનન્ય સુવાસ મૂકતા ગયા.

સુરેશ દલાલના શબ્દોમાં એમનો એક પરિચય પામીએ.

નવી ગુજરાતી ગઝલની વાત આવે એટલે મનોજ ખંડેરિયાનું નામ યાદ આવ્યા વિના રહે નહીં. મનોજ ખંડેરિયાનો જન્મ જૂનાગઢમાં. નરસિંહને કારણે જૂનાગઢ એટલે કવિતાનો ગઢ. આમ જૂનાગઢે આપણને પ્રભાતિયાંની સાથે ગઝલની દુનિયા પણ ઓળખાવી.

મનોજ ખંડેરિયા વ્યવસાયે વકીલ છે. એમને મળ્યો છું ત્યારે એક એવી છાપ પડી છે કે એ ઓછાબોલા માણસ છે. વકીલ એટલે બોલવાનું. પણ શબ્દો અદાલતમાં વાપરી નાખતા હોય. અને મિત્રોની મહેફિલ હોય ત્યારે એ શાંત ચિત્તે વાતાવરણને મન ભરીને પીતા હોય છે. મનોજે તેની ગઝલવાણીથી ગુજરાતી પ્રજાને સંજીવની આપી છે.

'અચાનક' અને 'અટકળ' એમના કાવ્ય સંગ્રહો. મનોજે ગીત પણ લખ્યાં છે અને અછાંદસ કાવ્યો પણ. છતાંય ગુજરાતી કવિતામાં એ જુદા તરી આવે છે એમની ગઝલને લીધે.

વર્ષો પહેલાં ઉમાશંકરે એક કાવ્ય લખ્યું એની પંક્તિ યાદ આવે છે: "પોતે ન કંઈ ગાયું, કિંતુ મુજને ગાતો કરીને ગયું." કોઈક વ્યક્તિ આપણા જીવનની ડાળ પર પંખી થઈને ઝૂલે છે, એના સાન્નિધ્યને કારણે આપણું વ્યક્તિત્વ સમગ્ર ચેતના સાથે ખૂલે છે અને એ જાય છે તો પણ આપણા સૂના અને સુક્કા કંઠમાં ટહુકાનું તાજું તાજું ગીત મૂકીને ચાલી જાય છે.

મનોજે એક ગઝલ લખી છે એનું શીર્ષક છે 'પીંછું'. પંખીની પાંખથી જે પીંછું ખરે છે એ પીંછામાં આખું આકાશ ઊતરતું આવે છે. અને આપણી આસપાસની ભૂરી હવામાં ઝીણાં શિલ્પ કોતરી જાય છે.

હવા દેખાતી નથી એને કવિએ ભૂરો રંગ આપ્યો છે. કદાચ વિષાદનો રંગ મરણશીલ માનવી જેવો ભૂરો જ હશે.

કોઈ પણ સર્જકને જો વિશેષ કંઈ કઠતું હોય તો તે દીવાલો છે. આ દીવાલો સ્થૂળ પણ હોય છે અને એક વખત રશિયામાં હતી એવી સૂક્ષ્મ પણ હોય છે. દીવાલ એટલે ગૂંગળામણ અને મનુષ્ય મનુષ્ય છે એને કારણે કોઈ પણ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢતો હોય છે. આ ગૂંગળામણમાંથી છૂટવાનો એક રસ્તો તે મનુષ્યે દીવાલોમાં મૂકેલી બારીઓ છે. આ બારીઓ પણ અનેક પ્રકારની હોઈ શકે. કવિનો શબ્દ પણ એક બારી જ છે. જો કે મનોજની ગઝલ એક ઠેકાણે ચીસ પાડીને કહે છે:

હવે ક્યાંક ખુલ્લામાં રહેવાને ચાલો
અહીં ચોતરફ છે ઊકળતી દીવાલો

દીવાલોની પાસે ઊકળતી કૃદંત મૂકીને કવિએ વ્યક્તિના અજંપા અને અકળામણને કકળતી વાણીમાં મૂક્યા છે તે અહીં જોઈ શકાશે.

મોસમ તો આવે છે અને જાય છે, જાય છે અને આવે છે. પણ કવિની ચેતના એને એવી રીતે શબ્દસ્થ કરે છે કે એ શબ્દ આપણો જાણીતો છતાં અણજાણ્યો અનુભવ બની રહે છે. વસંત વિશે અઢળક કાવ્યો લખાયાં છે. વસંતની વાત આવે એટલે આંબો, કોયલ, મંજરી, ફૂલો, ભમરા... આ બધી તૈયાર સામગ્રી છે. મનોજ પવનની પીંછી અને ફૂલોના રંગ લઈને વસંતનો જે નકશો દોરી આપે છે તે ન કરમાય એવો છે. વાતને મૌલિક છાપ સાથે મૂકવાની કવિની રીત આપણને ગમી જાય એવી છે:

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના

સમયનો સ્વભાવ છે કે એ તો સરકતો જ રહેવાનો. સમય સ્થિર નથી પણ ચંચળ છે એટલે તો કવિ સમયને સ્થિર કરવા માટે શબ્દનો સહારો નહીં લેતો હોય ને? કેટલાંક દૃશ્યો નજરમાંથી ખરી ન પડે એટલા માટે કલાકાર શબ્દ, પીંછી કે ટાંકણા દ્વારા એને ચિરકાળ સુધી ટકાવવા માટે મથતો હોય છે. આધુનિક સમયની દોડધામ અને કાળના પરિપ્રેક્ષ્યમાં પ્રણયની શું સ્થિતિ ગતિ હશે એના સંદર્ભમાં આ બે શેર જોવા જેવા છે

બસ રાત ને દિવસ અહીં દોડ્યા કરે સમય
ઘડિયાળના કાંટા ઉપર હાંફ્યા કરે સમય

*    *    *

'કેવોક રંગ આવશે?' એવા વિચારમાં
મેંદી મૂકેલ હાથને જોયા કરે સમય

મનોજની ગઝલ એટલે લાગણીના ગુલમહોરની ગઝલ, એમના શબ્દોના નેપથ્યમાં તાપ અને સંતાપ છે. પણ સંયમને કારણે લાગણીના ભડકામણા અને કાબરચીતરા રંગો નથી. ગુલમહોર જેવું સભર અને ખુમારીવાળું વ્યક્તિત્વ છે.

'શાહમૃગ' નામનું એમનું કાવ્ય એક અલગ લેખ માગી લે એવું છે એટલે એની નોંધ લઈને આપણે આગળ વધીએ. 'અંજની' છંદમાં એમણે જે કાવ્યો લખ્યાં છે એ પણ નોંધપાત્ર પ્રયોગો છે.

મને જો કોઈ પૂછે કે, "તારે મનોજના ગઝલ-બગીચામાંથી એક જ ફૂલ લેવાનું છે તો તું કઈ ગઝલ પર પસંદગી ઉતારે?" તો મારો એક જ જવાબ હોય અને એ ગઝલ તે આ. એના બે જ શેર ઉતારું છું:

ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

મને સદભાગ્ય કે શબ્દો મળ્યા તા રે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

અહીં તો મનોજની કવિતાનો ઊડતો અને અછડતો પરિચય આપ્યો છે. મનોજની ગઝલ આપણને પ્રતીતિ આપે છે કે ગઝલ એટલે શબ્દોની આતશબાજી નહીં પણ ભૂખરા મૌનનો મુકાબલો.

---

મનોજ ખંડેરિયાની સૃષ્ટિને સમજાવવા બેસીએ તો પાનાંના પાનાં માગે, સમજવા બેસીએ તો વરસોનાં વરસ લાગે. અહીં થોડો પ્રસાદ જ રજૂ કરીએ.

## એક ગઝલ

બીબાના ઢાળે ઢળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે
બરફ માફક પીગળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે

ચરણ પીગળી રહ્યાં છે મેળવું ક્યાંથી કદમ મારા
સમયની સાથે ભળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે

અગર ભૂલો પડ્યો હું હોત ને દુ:ખ થાત એ કરતાં
ચરણને પાછા વળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે

બુકાની બાંધી ફરનારાનું આ તો છે નગર, મિત્રો!
મને ખુદને જ મળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે

હવા જેવા સરળ, આવી ગયા છે બ્હાર આજે પણ
આ શબ્દોને નીકળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે

## સાંજના સમાનું નાનુંશું ચિત્રણ

અંધારું આવીને ઊભું
નમણી તેજ-નદીના તારે
ખગની ચાંચે છેલ્લો દાણો
સાંજ ધરે ધીરે
ગોરજને જળ પાદર બૂડે
કલરવ-પાંખે વડલો ઊડે
છેલ્લી છેલ્લી કિરણસળી આ
જરઠ સમય ચીરે

'જોઈ રહીએ'--એક ગીત

નેતરના વંન જેવા પાંખા પરોઢિયામાં
વીખરાતી રાત જોઈ રહીએ
અમે વીખરાતી વાત જોઈ રહીએ
પાંખોની જેમ મારી નીંદરા ફફડે ને
ખરે પીંછા અજવાળાનાં ભૂખરાં
ઝાલું ન ઝાલું ત્યાં વહી જતા આંખમાંથી
સપને મઢેલ ઓલ્યા ડુંગરા

છેલ્લું મ્હેકીને ખરે રાતરાણી ફૂલ
ખર્યા ફૂલની બિછાત જોઈ રહીએ
અમે વીખરાતી રાત જોઈ રહીએ

તોરણનાં આભલાંમાં તડકો પડે ને
મારી એકલતા ઝગમગવા લાગતી
ખાલી હથેળિયુંમાં મોતી ઝીલ્યાની યાદ
બાવળની શૂળ બની વાગતી

ઝંખનાને તીર અમે સરવરનાં દર્પણમાં
ડહોળાતી જાત જોઈ રહીએ
અમે વીખરાતી વાત જોઈ રહીએ

## પ્રેમ

### ઈન્દ્ર ગુહ્યા   ઓરેન્જબર્ગ, ન્યૂ યોર્ક

એક અનોખી વાત-
અંત ન એનો કાંઈ, દીસે ના
ક્યાંથી થઈ શરૂઆત!

ઉરના ઐક્યની એ જ કહાણી
સાંભળી લાખો વાર
તો ય ફરીફરી સુણતા લાગે,
નવલ એનો સાર
ગાન અનંતનું નિત્ય ગવાયે, કાળની શી રે વિસાત!

તનના ઝૂલે હીંચ લિયે મન,
દીઠો ન જાયે ખેલ.
વણપાંખે અહીં થાય અનેરી,
ગગન કેરી સહેલ.
વિજયની વરમાળ એને, થતા આવડે જેને મ્હાત.

સ્નેહ કેરી સરગમ જયાં છેડે
મિલનમધુરાં રાગ,
(ત્યાં જ) લેવા ચહે કો બીન વ્યથાને,
જોગ-ભૈરવના તાગ.

પૂર્ણિમાનું તેજ હોયે વા કાજળ કેરી રાત,
એ જ અનોખી વાત!

## મંજૂર નથી

### પન્ના નાયક   ફિલાડેલ્ફીઆ, પેન્સિલ્વેનિયા

કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી.
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે,
અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે;
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું,
મને આવું અઢેલવાનું મંજૂર નથી.

પોતાની આંખ હોય, પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય,
મનની માલિક હું મારે તે બીક શી?
હું તો મૌલિક છું,
હામાં હા કહીને ઠીક ઠીક રહીને,
મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી.

માપસર બોલવાનું, માપસર ચાલવાનું,
માપસર પહેરવાનું, માપસર પોઢવાનું, માપસર ઓઢવાનું,
માપસર હળવાનું, માપસર ભળવાનું,
આવું હળવાનું, ભળવાનું, માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજૂર નથી.

કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી.

## ખાંડણિયામાં માથું

### હિમાંશી શેલત   વલસાડ

એમ તો કોઈ કડવા,બળિયેલ પંચાતિયાએ જાણીજોઈને, માત્ર મને કનડવા સારુ જ પૂછ્યું હોત કે આમાણસ તમારા શું થાય, તો મેં ફટ દઈને જવાબ વાળ્યો હોત કે સ્વજન, એટલે પોતીકું કહેવાય એવું કોઈક, આત્મીય અને પ્રિય. કોઈક માટે અઢળક સ્નેહ હોય તો હોય, એમાં ગામ આખાને ઢોલ વગાડીને કહેવાની જરૂર નહીં તેમ મરણિયા થઈને, સંકોચમાં દટાઈને એ હકીકત ઢાંકવાની યે જરૂર નહ ીં. મારી સામે આંગળી ચીંધીને કશું તહોમતનામું મૂકતા વિશાળ જનસમુદાયને ગળું ખોંખારીને બુલંદ અવાજે મેં કલ્પનામાં અનેક વાર જાહેર કર્યું છે કે હા, આ પુરુષના ગુણોની હું ચાહક છું. એના દોષો એ જે નિખાલસતાથી સ્વીકારે છે તેનીયે હું ચાહક છું. આમ જુઓ તો એ મારો કોઈ નથી અને છતાં મારો એની સાથે સંબંધ છે, ખૂબ નજીકનો સંબંધ. પાણી-પોયણીનો, સૂર્ય-સુર્યમુખીનો, દીપક-વાટનો કે એવોજ બીજો કોઈ. બસ, વણાઈ ગયું છે આ શ્વાસ સાથે એવું નામ વિનાનું

કંઈક. બોલો, શું કહેવું છે તમારે? કયા નિયમનું ઉલ્લંઘન કર્યું છે મેં? છે કોઈ સજા મારા અપરાધ માટે?

અને નતમસ્તકે લોકટોળાં, ગણગણતાં, અદૃષ્ય થઈ જાય. એ ક્ષણનો કેફ મેં માણ્યો છે. ભાઈ, આ તો માથા સાટે મોંઘી વસ્તુ તે સાંપડવી નહીં સહેલી. એમાં કોઈનું ચાલે નહીં. ચાલતું હોય તો ચાહી ચલાવીને ખાંડણિયામાં માથું મેલે કોઈ? ઠાવકો, સહીસિક્કાવાળો સંબંધ શા સારુ ન રાખે? તેજ ભરેલી આંજેલી આંખે અને ટટાર ડોકે પછી હું ટોળાં સામે જોયાં કરું. સહુ આઘાંપાછાં થઇ જાય. અમારી બદબોઈ કરતી અને ગંદવાડ ઓકતી એમની જીભ મોં માંહ્ય એવી તો ભરાઈ જાય કે જાણે છે જ નહીં! ભોંઠપના ભારથી નમી પડેલાં એમનાં માથાં ઊંચાં થાય જ નહીં.

હાથમાં દીવો લઈને ગર્ભગૃહમાં પ્રવેશતી પૂજારણ પેઠે હું ઘરમાં દાખલ થાઉં. આવું તેવું મારી અંદર વારંવાર ભજવાયા કરે. હુંયે બરાબર જમાવટ થવા દઉં, ઉતાવળ કરી અધવચ્ચે પડદો પાડું નહીં. મારી એક દોસ્ત કહેતી કે આવો પ્રેમ સાચવવો એ કંઈ ખાવાના ખેલ નથી. ટીકા કરવા જે કોઈ આવે એનું મોં જ તોડી લેવાનું. કહીએ કે કરી તો જો આવો પ્રેમ, તાકાત હોય તો! હું યે કશો ચમત્કાર સર્જવાની હોઉં એવી અદામાં મારા આ ખાસ સંબંધને ઉચિત સાબિત કરતી, અમસ્તો અમસ્તો નહીં, જરૂર પડી હોય તો જ ને ત્યારે જ. નફાતોટાની ગણતરી વિના આવો સંબંધ આટલાં વર્ષોથી સાચવી શકી છું એનો વિજય ભલે ઝળહળે ચહેરા પર.

'સથવારો' સંસ્થામાં કામ કરતી હતી એ દિવસોની વાત. અઠવાડિયામાં ત્રણ દિવસ સેક્સ-વર્કર્સ પાસેય જવાનું આવતું. મૂળ તો એ વિસ્તારમાં જવા માટે અમારું ચારનું ગ્રૂપ હતું પણ એમાં એક બે જણ આવી જગ્યાએ આવવાનું ટાળતાં. બહાનાં કાઢીને જાત બચાવી લેતાં. બાકીનામાં વંદના અને હું. તે દિવસે રિક્ષાની હડતાળ પડી. વંદનાનો ફોન આવી ગયો કે આજે માંડી જ વાળીએ. એ ઠીક ઠીક દૂર રહેતી એટલે એનાથી ન અવાય. એકલાં જવું કે નહીં એની દ્વિધા તો હતી જ. અંદરથી લાગતું હતું કે જવું જોઈએ. શબનમની દવા મારી પાસે હતી, કલાબાઈના ચશમાંનાં નંબર કઢાવવા જવાનું હતું. માલા અને જયાને નશામુક્તિ-કેન્દ્રમાં મોકલવાનાં હતાં. અને એ માટે એમની સાથે અડધો કલાકની સમજાવટ જરૂરી હતી. છેવટે જવું તો ખરું એમ નક્કી કર્યું. રસ્તે કોઈક તો મળશે, લિફ્ટ માગી લેવાય. ત્યાં જ તેમનો ફોન આવ્યો:

"આજે પેલા વિસ્તારમાં જવાનો દહાડો છે ને? શી રીતે જવાની છે?"

"જોઉં છું. રિક્ષા બંધ છે પણ ગોઠવણ થશે એ તો."

"ગાડી મોકલું છું. મારે પણ સ્ટેશન તરફ જવાનું છે. કામ અંગે. ત ને મૂકી દઈશ."

"ના, ના, મારી ચિંતા ન કરતા, હું તો-"

સામે હસવાનું... મને આખેઆખી પાકેપાયે ઓળખે એ જ વ્યક્તિ આવું હસી શકે.

"ખબર છે, તું તો પાંખો ચોંટાડીને ય પહોંચી જઈશ, પણ મને જેમ થયું કે સારા કામમાં થોડું પુણ્ય મેળવી શકાય તો મેળવવું. ગાડી આવશે સમયસર."

પછી મેં આવી મળેલી સગવડ સ્વીકારી લીધી. ગાડીમાં બેસતાં જ શરત મૂકી કે નાકે જ ઊતરી જઈશ, પેટ્રોલ પમ્પ નજીક. પછી ચાલતી થ ઈશ. એ અભાવ ઠાંસેલી ઓરડીઓમાં મારી સગવડોનું પ્રદર્શન કરવાનું મને ગમતું નહોતું. એ કબૂલ થયા. ઊતરી પડી, એ વખતે એમણે ગાડીનો કાચ જરા નીચે સરકાવી મને 'સાચવજે' કે એવું કશુંક કહ્યું. હું યે હસીને 'ભલે' કે એવું જ કંઈક બોલી હઈશ. યાદ નથી. હવે ચન્દ્રકલાના ઓટલા પરથી રસ્તાનો આ ભાગ અલપઝલપ દેખાય એ તરફ ત્યારે જ ધ્યાન ગયું જયારે ચન્દ્રકલા અને ચમ્પાબાઈનું કુતૂહલ ઝાલ્યુંય ન રહ્યું. બંનેના મોં હસું હસું જોયાં.

"જીજાજી કો ભી સાથ લે આતી દીદી, હમને કભી દેખે નહીં, ન આપને કભી બતાયા. આજ પેહલી બાર પતા ચલા કિ..."

મારી જીભ ઊખડી નહીં. "આ જીજાજી નથી અને મેં લગ્ન કર્યા જ નથી" એટલું કહી દેવામાં એને કયું જોર પડી ગયું એ ખબર નથી. અમે સાથે હોઈએ ત્યારે આવી ગેરસમજ અજાણ્યા કરતાં, આ કંઈ પહેલી વારનું નહોતું. પણ મેં સ્પષ્ટતા કરી નહીં. વાત લંબાશે તો ચોખ્ખું કહી દઈશ એમ ધારેલું ત્યાં તો નવી આવેલી એકાદ સેવંતીને ખેંચી આવી અને દોડધામમાં જીજાજીવાળી વાત અટવાઈ ગઈ. એક રીતે નિરાંત થઈ મને. પીવાનું ન મળતાં બેહાલીમાં પડેલી માયા ને જયાને નશો કરવાથી કેટલું નુકશાન થાય એ સમજાવતાં બેભાન થઈ જવાશે એમ લાગ્યું. પાછાં જવાનો સમય થયો ત્યારે ચન્દ્રકલાએ ઉત્સાહથી કહ્યું કે 'અબ જીજાજી લેને કુ ભી આયેંગે ન દીદી,નહીં તો આજ કૈસે જાઓગી વાપસ?'

મેં માથું હલાવી હા પડી. બારેકના સુમારે ગાડી પાછી પેટ્રોલ-પમ્પ નજીક ઊભી રહેવાની હતી. ઘડિયાળમાં નજર કરી મેં ચંપલ પહેરી. હજી બહાર પગ મૂકું એ પહેલાં જ પડખેની ખોલીના દાદર પર ચાલતી ધમાલ તરફ કાન આંખ દોડ્યાં. મોં ઢાંકીને રડતી છોકરી રોઝી હતી કે સુનીતા એ શોધવાનું તો બાકી જ હતું. મુન્નીબાઈ હાથ લાંબા કરી કરીને એને ભાંડતાં હતાં

"અચ્છા ખાસા ધંધા ચલ રહા થા, અબ એક મરદ કુ પકડ કે રખને કિ ક્યા જરૂરત હૈ? વો ક્યા દેનેવાલા હૈ તેરે કુ, ઘર? ઇજ્જત? બચ્ચી તો હૈ ઉસકી તેરે પાસ, અબ આગે ક્યા ચાહીએ? બોલી, મરદ કરેગી અપના."

પછી મુન્નીબાઈ મારી સામે ફર્યા.

"દીદી, સમઝાઓ ઇસ લડકી કો. દિમાગ ખા ગઈ મેરા. એક હી મરદ કે સાથ રિશ્તા રખને કો બોલતી હૈ, અબ ઐસે કભી ધંધા હોતા હૈ? યે હી કરના થા તો યહાં પે ક્યૂં આ ગયી?"

આ ઉકળાટ ઠંડો પડે પછી જ નીકળું એમ થયું. ગાડી થોડી રાહ જોશે. મને અહીંના તમાશાની બહુ બીક લાગતી. એટલે ઠંડુ પાડવા ચંપલ કાઢીને ફરી ઓરડીમાં પેઠી. સ્ટવ પર કાંદા સાંતળતી ચંપાબાઈએ લોઢી નીચે મૂકી પીંડો વાળી લીધેલી સાદડી ફરી પાથરી.

બેઠાં.

"રોઝી છે કે સુનીતા? જે હોય તેને લઈ આવ. સમજાવીએ." ચંપાબાઈ આવાં કામ સરસ કરી શકે. બે પાંચ મિનિટમાં તો શાંતિ થઈ ગઈ. દદડતી આંખે સુનીતા સામે બેઠી,પછી ફરિયાદો ઠાલવી.

"મેરી બચ્ચી કા બાપ હૈ વો. મૈં અબ સિર્ફ ઉસ કે સાથ રિશ્તા રખનેવાલી."

"શાદી કરી લે, સીધો રસ્તો છે."

"શાદી કૈસે કરેગા? વો તો પહલે હી શાદીશુદા હૈ, દો બચ્ચે કા બાપ હૈ."

મારી જીભ ઝાંખરામાં ઝલાઈ ગઈ.ચંપાબાઈ તો સુનીતાના મરદના વખાણમાં રોકાયાં.

"એકદમ અચ્છા આદમી. હર મહિને આતા હૈ. પૈસૈ દેતા હૈ. સુની ઔર બચ્ચી કા ખ્યાલ રખતા હૈ. પતા નહીં મુન્નીબાઈ કો ક્યા ચાહીયે કે પીછ પડ ગઈ હૈ ઈસ લડકી કે."

રડતી સુનીતા થોડી વારે છાની રહી ગઈ. જરા લાંબું વિચારી મેં એને કહ્યું, "પેલા મરદને કહે કે તને અહીં ખોલી અપાવે. મુન્નીબાઈને છોડ, એકાદ કામ શીખી લે, અલગ રહે અને મઝા કર. બે પૈસા રળતી થા કોઈ સરખો હુન્નર કરીને. છોકરીને મોટી કર, તારા મરદનો ટેકો તો છે જ."

"ઈતના પૈસેવાલા ભી નહીં કે ખોલી દે સકે. ઉસ કો અપના ઘર ભી તો ચલાના હૈ."

"તો ફીર ઉસ્કે પાસ ચલી જા. બાપ હૈ તો બચ્ચી કે સાથ તુઝે રખના હી ચાહીયે. સાથ મેં રખેગા?"

મનમાં હતું કે સુનીતાને કોઈ શું કહેશે એની શી બીક હોય? કપડાં ઊજળાં રાખવાની ચિંતા તો આપણી. એ તો જેને પ્રેમ કર્યો એનાં બાળકને બેધડક દુનિયામાં લાવી શકે, કોઈ પરણેલો પુરુષ એની છોકરીનો બાપ છે એમાં સંકોચ નહીં. લાડકોડથી મોટી કરે છે એની ઢ ીંગલીને. ભલેને ચહેરા પર રોજ રંગરોગાન કરવા પડે.

મારો સવાલ નિરુત્તર, અધ્ધર લટકી રહ્યો હવામાં. થોડી વાર પછી સુનીતા ગળે બાઝેલી ખખરી સાફ કરતાં બોલી કે "ઉસ કી ઔરત કો અચ્છા નહીં લગેગા. ખાલીપીલી ઉસ બેચારી કો પરેશાન ક્યૂં કરનેકા?"

આવી કાંટાળી કેડી પર ચાલવાની મુસીબત તો ખરી જ. એટલા મોટા કાંટા હોય કે કેવી રીતે આગળ વધવું એની સતત વિમાસણ. મૂળ તો આવા રસ્તા પર અવાય જ નહીં. પણ આવી જ ગયાં, પછી શું?

સુનીતાનો આદમી અહીં એને મળવા આવે ત્યારે ક્યાં રહેતો હશે એ પૂછવા જેવું ખરું. આવી ઓરડીઓમાં તો એ રહે નહીં. કદાચ કોઈ પરવડે એવી હોટેલમાં જતાં હશે ત્રણેય. બે-પાંચ દિવસ મહાલીને પેલો પાછો જાય અને મા-દીકરી ફરી આ બંધિયાર હવામાં, પેલા રજવાડી ઠાઠ જેવા લાગતા સુખને હથેળીમાં બંધ કરીને ગોઠવાઈ જાય. આ તો મેં સર્જેલું દૃષ્ય. એ લોકો ખરેખર આમ કરતાં હશે કે કેમ, ખબર નથી.

"દેખેંગે બાદમેં, અબ રોના બંધ કરો." એમ બબડી, વાતનો પથારો સમેટી, સાડી ખંખેરી, હું બારણાં નજીક પહોંચી. બબિતા મચ્છી ખરીદતી હતી. ટોપલાવાળી બાઈ સાથે ભાવ અંગે રકઝક ચાલતી હતી.

"બે પૈસા અમકુ ભી કમાવા દો ને. તુમ આટલા કમાતી હો તો!" બબિતાએ બ્લાઉઝમાં ખોસી રાખેલું પર્સ કાઢતાં મારી તરફ જોયું.

"જીજાજી ગાડી લેકર આ ગયે ક્યા?"

કમાલ બાઈઓ છે! એક મુદ્દો - આવો - એટલે કે જીજાજીવાળો - હાથ ચડી ગયો તે છાલ છોડતી નથી. મેં જવાબ ટાળ્યો, ભલે જે સમજવું હોય તે સમજે. ગામને મોંએ ગળણું બાંધવાનો શ્રમ કરવો નહ ીં.

ત્યાં તો સામે ઠમકા કરતી સુનીતાની લાડકી આવી. રૂપાળું લાલ ફ્રોક, ઉપર પીળાં ધમરક ફૂલોના ઢગલા. પગમાં ઝાંઝરી. કશું પૂછ્યું નહોતું તો યે એ મધની કૂંપી કહે કે, "મેરે પપ્પા લાયે મેરે લીયે. ઔર ચાકલેટ ભી, ઔર એક ગુડિયા ભી."

સુનીતા એની પર વારી ગઈ ને વળગી પડી એને. એકમેકને ભેટીને ઊભેલાં મા-દીકરી સરસ દેખાતાં હતાં. અંધારી ઓરડીઓ અને આ ગંધાતી હવા સાથે એમને જાણે કોઈ સંબંધ નહોતો.

"આજ દેર હો ગઈ તો થોડા ખા કે જાઓ,દીદી."

"આજે નહીં."

બહુ મોડું થઈ ગયું છે અને બાર વાગ્યે પેટ્રોલ-પમ્પ પાસે ગાડી આવાની હતી, ગાડી ઊભી જ હશે ને રાહ જોવાતી હશે. એ અંદર અધીરાઈમાં બેઠા હશે, હાથમાં 'ટાઈમ્સ' હશે
પણ આંખો 'ટાઈમ્સ'માં નહીં હોય, આંખ કાચમાંથીએ બહાર પહોંચવાનું કરતી હશે. મારે જવું જોઈએ. અહીંનું કોકડું તો કદી ઊકલવાનું નહીં. એટલા માટે ગાડીને થોભી રહેવું પડે એ ખોટું.

બારી-બારણે ડોકાતા થોડા ચહેરા સામે હાથ હલાવતી હું રસ્તા પર આવી ગઈ. બંધ-બારણાં ખૂલી ગયાં હોય એવો ઉજાસ બહાર હતો. આ બધાં બારીઓ બંધ રાખે અને બારણાં
મોટે ભાગે પડદે ઢંકાયેલા, પછી બધું અંધારિયું જ હોય ને!

"હડતાલ હૈ રિક્ષા કી, જીજાજી લેને કે વાસ્તે ખડે હોંગે." ચંપાબાઈનો અવાજ મારી પીઠે સાંભળ્યો. આટલું સાંભળ્યા પછી સહજ અસૂયામિશ્રિત પ્રસન્નતા ત્યાં જે દીઠેલા એ બધાયે
ચહેરા પર હું જોઈ રહી, કલ્પનામાં. ડોક ફેરવીને એક વખત, ફક્ત એક જ વખત, કહેવાની જરૂર હતી કે એ જીજાજી નથી. તમારી જરા ગેરસમજ થઈ છે. પછી એ કોણ છે એ બધી ચોખવટ કરવાની ફરજ નથી મારી. આ સ્ત્રીઓ કદાચ તો એવી પંચાત ના કરે. અથવા કરે પણ ખરી. વંદના એક વખત અડવે હાથ આવેલી તો ચન્દ્રકલાએ એને બંગડી પહેરાવીને જ છોડી. વંદના પાછી જાહેર કર્યા વિના છોડે નહીં કે એ પરણેલી છે. મંગળસૂત્ર, ને એવું બધું, ટીવી સિરીયલમાં આવતી વહુઓની જેમજ, પહેરવાનું મૂકે નહીં. મૂળ તો આ વિસ્તારમાં આવતી વેળા એને આવી સાવચેતી અનિવાર્ય લાગતી હશે એ જ કારણ. "આપ ક્યૂં ચૂડી નહીં પહેનતી?", એવો પ્રશ્ન મને એ દિવસે પૂછાયો હતો. "કામ કરતા ફાવતું નથી." એમ મેં કહેલું.

વિચારો આઘાપાછા કરી ઘડિયાળમાં જોયું. બાર ઉપર પંદર મિનિટ. મારા પગ અસાધારણ ઝડપથી ઊપડવા લાગ્યા. આટલું મોડું થવા દીધું અને એમને (ને ડ્રાઈવરનેય) રાહ જોવડાવી એ બદલ ખરાબ લાગતું હતું. ગાડી પેટ્રોલ-પમ્પ પાસે હતી તો ખરી જ, અહીંથી જ દેખાતું હતું. એમ
પણ બને કે માત્ર ડ્રાઈવર જ હોય, એ કદાચ ગાડીમાં ન હોય. કોઈકની ગાડીમાં નીકળી ગયા હોય.

બારણું ખૂલ્યું, પાછલી સીટ પર, ઘરમાં જ બેઠા હોય તેવી નિરાંતથી, એ કાગળનો ખડકલો જોતા હતા.

"મોડું થયું એ સારું થયું. કામના કાગળ અહીં જ જોવાઈ ગયા એટલે ઓફિસમાં શાંતિ."

ઝડપથી ચાલવાની ટેવ ઓછી એટલે હાંફ બેસે ત્યાં સુધી મારે બોલવાનું નહોતું. એમણે આગળ ચલાવ્યું

"એક બે વાર તો થઈ આવ્યું કે બહાર નીકળીને તું જાય છે ત્યાં લગી એક આંટો મારી આવું. પછી અટકી ગયો. ચિંતા થતી હતી,એરિયા એવો એટલે સ્વાભાવિક રીતે જ એમ થાય કે - પણ આવી જગ્યાએ નીકળી ડાફરિયાં મારું તો કોઈ શુંનું શું ધારી લે! આપણા લોકો છે ભાઈ,છાપે ચડાવી દે તો ભારે થઈ
જાયને?"

વાંકી વળીને ચંપલની પટ્ટી સરખી કરવામાં મેં એમની સામે જોવાનું મુલતવી રાખ્યું.

"આ જો. એક નનામો કાગળ તો આજે પણ આવ્યો છે. પણ તને વાંચવા નહીં આપું. તારો જીવ બળશે નકામો."

એક જાડું પરબીડિયું એમ એક બાજુ ફંગોળ્યું. હવે પછીનું વાક્ય એમ આવવાનું હતું કે આપણે તો પાછાં દુશ્મનોયે ક્યાં ઓછાં છે!

એ વાક્ય બોલાય એની પ્રતીક્ષામાં આગળના રસ્તાની ભીડ જોતી હું બેસી રહી. સુનીતાની આંખોનો ચેપ લાગ્યો હોય તેમ અચાનક જ મારી આંખો ભીની થવા લાગી. રસ્તો હવે મૃગજળમાં આલેખાયો, રેલા જેવો એ આમતેમ પ્રસરવા લાગ્યો, માણસોનાં ટપકાં એમાં ઓગળતાં ગયાં. એ હાલકડોલક દૃશ્ય જોવાનો અર્થ નહોતો એટલે મેં પર્સમાંથી રૂમાલની શોધ આરંભી. ત્યાં જ રહી ગયો કે શું? છેવટે સાડીનો છેડો જ ખપ લાગ્યો. અને મારે ઊતરવાનો સમય પણ આવી જ ગયો હતો.

(સપ્ટેમ્બર ૨૦૦૨ના 'ગદ્યપર્વ'માંથી સાભાર)

## સંપાદકો તરફથી દરેક વાચકને
## નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ !

અકાદમી અવારનવાર જુદા જુદા કાર્યક્રમો યોજે છે. ઘણી વાર સમય ટૂંકો હોવાથી એના ખબર અકાદમીના સભ્યોને સમયસર પહોંચાડવાની મુશ્કેલી પડે છે. અકાદમીની વેબસાઈટ (GLAofNA.com) પર એ સમાચારો મૂકવા પ્રયત્ન કરાશે. તો ત્યાંથી વિગતો મેળવી લેવા વિનતિ છે. જે સભ્યોને ઈ-મેઈલ થકી આવા કાર્યક્રમના સંદેશ જોઈતાં હોય તે લોકોને kishor@markis.com પર "Put me on the Email-list" કે એવો કશો સંદેશો તમારા નામ સાથે મોકલવા વિનતિ છે.

આ મુખપત્ર સૌ સભ્યોને મોકલવામાં આવે છે. એનું કોઈ અલગ લવાજમ નથી. એ મેળવવા ગુજરાતી અકાદમી ઓફ નોર્થ અમેરિકાના સભ્ય બનવું જરૂરી છે. ફક્ત ૧૦૦ ડોલરથી આજીવન સભ્ય બની શકાય છે. ચેક સાથે તમારા નામ-સરનામું-ફોનનંબર-ઈમેઈલ રામ ગઢવીને નીચેને સરનામે મોકલી આપશો : 4 Ales Place, Wayne, NJ 07470.

'દેશ-વિદેશ'ને ઈન્ટરનેટ પર glaofna.com સરનામે કોઈ પણ જોઈ શકે છે.

## લેખકોને સૂચન

લેખ, વાર્તાઓ, કવિતાઓ, ચિત્રો કે ફોટોગ્રાફ માટે આમંત્રણ આપીએ છીએ. થોડાં સૂચનો:

૧. ૮.૫" X ૧૧" માપના કાગળ પર, એક જ બાજુએ લખી મોકલશો.
૨. પહેલે પાને મથાળે 'દેશવિદેશ માટે', લેખકનું નામ, ટપાલનું અને ઈ-મેઈલનું સરનામું, ફોન નંબર લખવા વિનતિ. બાકીના પાનાં પર પાનાના નંબર અને લેખકનું નામ જરૂરી છે. પાનાંઓને ક્રમમાં સ્ટેપલ કરી મોકલશો.
૩. ગદ્ય માટે ૧૫૦૦ શબ્દોથી વધે નહીં તો સારું.
૪. આ કામમાં આવતી બધી કૃતિઓની જોડણી ચકાસવાનું કામ ઉમેરાય તો વધુ આકરું બને. માટે ગમે તે કોશ વાપરીને પણ જોડણી ચકાસી મોકલવા વિનતિ.
૫. ચિત્રો કે ફોટોગ્રાફ ચાર કે પાંચ ઈંચથી મોટા ન હોય તો સારું. Scan કરી jpg ફાઈલ મોકલવાના હો તો તો ઉત્તમ. જરા ધ્યાન રાખજો કે resolution ૩૦૦ dpi થી વધુ ન હોય અને ચિત્રની સાઈઝ ૪ કે ૫ ઇન્ચથી મોટી ન હોય.
૬. 'દેશવિદેશ' માટે આવેલી કૃતિઓ પરત મોકલવું શક્ય નથી માટે જોઈતી નકલો કરાવી જાળવી રાખશો.
૭. કોઈ પણ કૃતિઓ માટે પુરસ્કાર આપી શકીએ તેમ નથી.
૮. કૃતિઓ નીચેના સરનામે મોકલશો.

Kishor Raval
7901 Henry Av
G109
Philadelphia PA 19128

૯. ફોન કરતાં ઈમેઈલથી પત્રવ્યવહાર વધુ ઠીક પડશે

કિશોર રાવળ (kishor@markis.com)
જરૂર હોય તો (215) 482 0924
અશોક મેઘાણી (ashok@meghani.com)

કાવ્ય-પ્રતિકાવ્ય

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પોની, વનોની છે વનસ્પતિ.

ઉમાશંકર જોષી

વિશાળે ઘરવિસ્તારે નથી એક જ શ્રીમતી,
પિતા છે, માતા છે, ભ્રાતા શિશુ છે કેંક ટીખળી.

ભાનુપ્રસાદ પંડ્યા

વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી.
ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી.
સાહિત્ય એટલે જીવનની ભવ્યતાની લાગણી.

લિન યુટાંગ

('અર્ધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)